નં.જીઆઈડીસી/ઓએન્ડએમ.સીઆઈઆર/
એએલટી/પોલીસી/ ૧૪
જી.આઈ.ડી.સી. વડી કચેરી, ગાંધીનગર.
તા.૧૭-૧૦-૨૦૦૬.

**પ રિ પ ત્ર.**

વિષયઃ– **ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ તરફથી લીઝ હોલ્ડ હકકમાંથી ફી હોલ્ડ હકકમાં રૂપાંતર કરવા બાબત.**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમની વિવિધ વસાહતોમાં સ્થિત ઔદ્યોગિક એકમોને ઔદ્યોગિક હેતુ માટે લીઝ હોલ્ડ હકકમાં ફાળવેલી જમીનો કેટલીક શરતોએ ફી હોલ્ડ હકકમાં રૂપાંતર કરી આપવા સરકારશ્રીએ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના આ અંગેના ઠરાવ ક્રમાંક.જીઆઈડી/૧૦૨૦૦૪/૭૭૨/ગ તા.૦૫–૦૭–૨૦૦૬ની **નકલ આ સાથે બીડાણ રાખેલ છે.**

પ્રાદેશિક કચેરીઓના તાબા હેઠળ આવતી ઔદ્યોગિક વસાહતના વસાહત મંડળને સરકારશ્રીના નિર્ણયથી અવગત કરવા વિનંતી છે.

**બીડાણઃ– ઉપર મુજબ.**

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
- નિગમના તમામ અધિકારીઓ તરફ
- ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તરફ

રવાના કર્યુ
મેનેજર(મહેકમ)

I.No: ૭૫૧૯
૨૭/૧૦/૦૬

AM I & II

CAM (H(T) HPA)

ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ તરફથી અપાયેલી જમીન લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડમાં ફેરવવા બાબત.

ગુજરાત સરકાર,
ઉધોગ અને ખાણ વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંકઃજીઆઇડી/૧૦૨૦૦૪/૭૭૨/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 5 JUL 2006

વંચાણે લીધા :-સામાન્ય વહીવટ વિભાગનો તા. ૪-૩-૨૦૦૬ના પત્ર ક્રમાંકઃમબપ-૧૦૨૦૦૬(૯)કેયુ.

નવી ઔધોગિક નીતિ ૨૦૦૩માં નિર્દેશ કરવામાં આવેલ કે ગુજરાત ઔધોગિક વિકાસ નિગમ ધ્વારા લીઝ પર ઉધોગકારોને જી.આઈ.ડી.સી.એસ્ટેટમાં અપાતી જમીન ફ્રી હોલ્ડમાં ફેરવા યોજના નિયત કરવામાં આવશે.

આ સંદર્ભમાં હાલ સરકાર ધ્વારા લીઝથી અપાતી જમીન ફ્રી હોલ્ડમાં ફેરવવા માટેના ધારાધોરણો, અને અન્ય સબંધિત બાબતોને ધ્યાને લઇ નિર્દિષ્ટ હેતુ માટે યોજના ઘડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :-

ઘનિષ્ટ વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે જીઆઇડીસી એસ્ટેટમાં આવેલ ઔધોગિક એકમોને ઔધોગિક હેતુ માટે આપેલ પ્લોટ ફ્રી હોલ્ડમાં ફેરવવાની મંજૂરી જીઆઇડીસી નીચેની શરતોએ આપી શકશે.

૧. જે ઔધોગિક પ્લોટની કિંમત અને લીઝ રેન્ટ પૂરેપૂરા ચુકવાઇ ગયેલ હોય અને જે તેઉધોગકાર વાણિજિયક ઉત્પાદનમાં ગયે ૧૫ વર્ષ પૂર્ણ થયેલ હોય તેઓના કિસ્સામાં જ આ મુજબ ફ્રી હોલ્ડમાં પરિવર્તન થઇ શકશે.
૨. આ હેતુ માટે જીઆઇડીસી પરવાનગી આપે તે સમયની જીઆઇડીસીની એલોટમેન્ટ કિંમતના ૩૦% પ્રિમિયમ તરીકે મેળવ્યા બાદ ફ્રી હોલ્ડમાં ફેરવી શકાશે.
૩. પ્રિમિયમની રકમ પ્લોટ હોલ્ડર ધ્વારા સરકારમાં જમા કરવાની રહેશે.

૪. હાલ મહેસુલ વિભાગ ધ્વારા ઔધોગિક જંત્રી તૈયાર થઈ રહેલ છે. જયાં સુધી જે તે એસ્ટેટ માટે આ નવા દર પ્રસિધ્ધ ન થાય ત્યાં સુધી પ્રિમિયમની ગણતરી માટે ઉપર દર્શાવ્યા મુજબ જીઆઇડીસીની જે તે સમયના એલોટમેન્ટ કિંમતના ૩૦% ના દરે પ્રિમિયમ આકારવામાં આવશે. નવા દર પ્રસિધ્ધ થઇ જાય ત્યાર બાદ જીઆઇડીસીની પરવાનગી સમયની એલોટમેન્ટ કિંમત અને જંત્રીના દર બે પૈકી જે વધુ હશે તેના ૩૦% ના દરે પ્રિમિયમ આકરવામાં આવશે.

૫. લીઝ હોલ્ડમાંથી ફ્રી હોલ્ડ કરતી વખતે ઝોનીંગ તેમજ અન્ય નિયમોનું પાલન અચૂક કરવાનું રહેશે.

આ હુકમો નાણા વિભાગની તા.૨/૬/૦૬ ની મંજૂરીથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.પી.કાપડિયા)
ઉપસચિવ,
ઉધોગ અને ખાણ વિભાગ.

નકલ રવાના:-

૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માનનીય રાજયકક્ષાના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૪. અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. અગ્રસચિવશ્રી, ઉધોગ અને ખાણ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૬. અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ,ના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
૭. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, જી.આઇ.ડી.સી.ઉધોગ ભવન, ગાંધીનગર.
૮. સર્વે કલેકટરશ્રી.
૯. સીલેકટ ફાઇલ.